મોડાસા નજીક ટ્રકની ટક્કરે બે ભેંસોના મોત : સ્થાનિકો દ્વારા ચક્કાજામ

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થતા ભારે વાહનો નગરની પ્રજાજનો માટે ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતની ઘટનાઓ ન બને તે માટે મોડાસા શહેરના ફરતે બાયપાસ રોડનું નિર્માણ કરી ભારે વાહનોને શહેરના માર્ગો પર પ્રવેશબંધી ફરમાવી દીધી હોવા છતાં ટ્રક ચાલકો અને અન્ય વાહનચાલકોની પુરઝડપના લીધે બાયપાસ રોડ પર વારંવાર અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે. શનિવારે બાયપાસ રોડ પર ટ્રકની અડફેટે બે ભેંસોના મોત નિપજતા આજુબાજુના સ્થાનિકો હાઈવે પર ઉતરી આવતા ચક્કાજામના દૃશ્યો સર્જાતા તાબડતોડ પોલીસતંત્ર દ્વારા પશુપાલકોને સમજાવી ટ્રાફિક ખુલ્લો કરાવ્યો હતો.



પોલીસતંત્ર દ્વારા પશુપાલકોને સમજાવી રોડ ખુલ્લો કર્યો, પશુઓ તેમજ વાહનચાલકો ભારે વાહનોની સ્પીડનો ભોગ બનતા જનઆક્રોશ

મોડાસા શહેરના બાયપાસ રોડ પર આજુબાજુમાં રહેતા પશુપાલકોના દુધાળા પશુઓ ચોમાસાની ઋતુના પગલે લીલા ઘાસચારા માટે પશુઓ સાથે પસાર થતા હતા ત્યારે પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી લાવી એક ટ્રકના ચાલકે ટ્રક ભેંસો પર ચઢાવી દેતા બે ભેંસોને ટ્રકની જોરદાર ટક્કર લાગતા ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. બે ભેંસોના અકસ્માતમાં મોત નિપજતાં સ્થાનિક પશુપાલકો અને પ્રજાજનો હાઈવે પર ઉતરી પડ્યા હતા. મોડાસા-શામળાજી-ગોધરા રાજ્ય ધોરી માર્ગ પર ચક્કાજામ કરતા ૧કલાકથી વધુ સમય સુધી ભારે વાહનો અને કાર સહિત એસ.ટી. બસ રોડ પર અટવાઈ જતા દૂર દૂર સુધી ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા.

આ ઘટનાની જાણ પોલીસતંત્રને થતાં મોડાસા પોલીસતંત્ર તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી ચક્કાજામ કરેલા પશુપાલકો અને લોકોને સમજાવી વાહનવ્યવહાર પૂર્વરત કરાતા ટ્રાફિકમાં અટવાયેલા વાહનચાલકોએ રાહત અનુભવી હતી. પશુઓને ટક્કર મારી ફરાર થઈ ગયેલા ટ્રક અને ટ્રક ચાલકને ઝડપી પાડવા મોડાસા પોલીસતંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ પાલિકાની કામગીરીથી સોસાયટીના રહિશોમાં અસંતોષ

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા તેના કામને લઈને જાણે નિષ્ઠાપૂર્વક કામ કરવામાં ન આવતું હોય તેનો ઉત્તમ નમૂનો એપ્રોચ રોડ ઉપર આવેલ હરિઓમ પાર્ક સોસાયટીનો છે. જેમાં છેલ્લા બે મહિનાથી ગટરલાઈનના ઢાંકણાને લઈને ધરમ ધક્કા બાદ ગટરનું ઢાંકણું તો નંખાયું પણ માત્ર ૨૪ કલાકમાં જ તુટી ગયું અને તે પછી પણ રજુઆતો કરવા છતાં પણ તંત્રના અધિકારીઓનું પેટનું પાણી હલતુ નથી.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા એપ્રોચ રોડ વિસ્તારમાં આવેલ સોસાયટીના રહિશોને જાણે જોઈને હેરાન કરવામાં આવતા હોય તેમ રહિશોની એક પછી એક પાલિકા સામે ફરીયાદોમાં ઘટાડો થવાને બદલે દિવસે ને દિવસે વધારો થતો જાય છે. જેમાં સફાઈ, પાણી, ગટર સફાઈ અને સ્ટ્રીટલાઈટની સમસ્યા તો આ વિસ્તારમાં ઉભી છે. ત્યારે છેલ્લા બે મહિનાથી પણ વધારે આ સોસાયટીના રહિશોએ પાલિકામાં ખુલ્લી ગટરના ઢાંકણાને લઈને રજુઆતો કરવા જતાં રહિશોના પગના ચંપલના તળીયા ઘસાઈ ગયા હતા અને આજ ગટરમાં સોસાયટીનું બાળક રમતા રમતા પડ્યુ હતુ. જ્યારે અનેકવાર રજુઆતો બાદ પાલિકા દ્વારા સોસાયટીમાં ઢાંકણું નાખવામાં આવ્યું હતુ પણ માત્ર ૨૪ કલાકમાં જ ઢાંકણું તુટી ગયું હતું અને તુરત જ પાલિકામાં ઢાંકણાને લઈને ફરિયાદો ઉપર ફરીયાદો કરવા છતાં તે વાતને પણ એક મહિનો થયો છતાં હજુ સુધી પાલિકા દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. ત્યારે હજુ આજ વિસ્તારના ત્રણ રસ્તાથી રાવળવાસ જવાના માર્ગ ઉપર પણ ગટરની કુંડી ઉપર ઢાંકણું છેલ્લા ત્રણ મહિનાથી નથી અને જાણ કરવા છતાં તે પણ હજુ નાંખવામાં આવ્યું નથી. ત્યારે શું જવાબદારી કોની રહેશે, જ્યારે પાલિકામાં આ વિસ્તારના લોકો નિયમિત વેરા ભરે છે છતાં તેમની જોડે ઓરમાયુ વર્તન રાખવામાં આવે છે. હાલ તો એપ્રોચરોડ વિસ્તારના રહીશોને પાલિકા દ્વારા કાચબાની ચાલે થતી કામગીરીને લઈને અસંતો જોવા મળી રહ્યો છે.

રસાણા નજીક આખલાને બચાવવા જતા કાર અને જીપ વચ્ચે અકસ્માત

ડીસા, તા. ૨૩

ડીસા તાલુકાના રસાણા ગામ નજીક રસ્તા વચ્ચે અચાનક આખલો આવી જતા તેને બચાવવા જતા જીપ રોંગ સાઈડમાં ધસી આવતા સામે આવી રહેલી શીફ્ટ કાર સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં આઠ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ડીસા અને પાલનપુર ખાતેની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે એક મહિલાનું સારવાર દરમ્યાન કરૂણ મોત નીપજ્યું હતું.

આ અકસ્માતની વિગત એવી છે કે, ડીસા તાલુકાના રસાણા ગામ નજીક જીપ અને શીફ્ટ કાર વચ્ચે અકસ્માત સર્જાતા એક મહિલાનું મોત નીપજ્યું હતું તેમજ નવ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ડીસા અને પાલનપુર ખાતેની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે એક મહિલાનું સારવાર દરમ્યાન કરૂણ મોત નીપજ્યું હતું.

આ અકસ્માતની વિગત એવી છે કે, ડીસા તાલુકાના રસાણા ગામ નજીક રસ્તા વચ્ચે અચાનક આખલો આવી જતા તેને બચાવવા જતા જીપ રોંગ સાઈડમાં ધસી આવતા સામે આવતા સામેથી આવી રહેલ સ્ફીટ કાર નં. જીજે-૧કેપી-૪૬૮૬ને ટકરાતા અકસ્માત સર્જાયોહતો. જેમાં બેઠેલા તમામ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે આ બનાવની જાણ થતા જ આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને ગાડીમાંથી બહાર કાઢી સારવાર અર્થે ડીસા અને પાલનપુરની સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમ્યાન એક મહિલાનું કરૂણ મોત નીપજ્યુંહતું. આ અંગે ડીસા તાલુકા પોલીસેઅકસ્માત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ડીસા માર્કેટયાર્ડ દ્વારા રોપાંનું વિતરણ શરૂ

ડીસા, તા. ૨૩

ડીસા માર્કેટયાર્ડ દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ડીસા તાલુકામાં વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર થાય તે હેતુથી વૃક્ષ વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ડીસા તાલુકાના ખેડૂતો તેમજ શહેરીજનોને ડીસા એપીએમસી ખાતેથી વૃક્ષારોપણ માટે રોપા આપવામાં આવી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતી શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા દ્વારા અનેક સેવાકીય તેમજ સામાજીક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે. ડીસા માર્કેટયાર્ડ દ્વારા અકસ્માત વિમા, મેડીકલ સેવા, હોસ્પિટલ સેવા સહિતની સેવાઓની સાથે સાથે પર્યાવરણ બચાવવા માટે પણ મહત્વનું યોગદાન આપવામાં આવી રહ્યું છે. ડીસા એપીએમસી દ્વારા ગત વર્ષે રોપા વિતરણ કરવામાં આવ્યું હતું જેને સારો પ્રતિસાદ મળતાં ચાલુ વર્ષે પણ રોપા વિતરણ કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં શુક્રવારે ડીસા માર્કેટયાર્ડ ખાતેથી વૃક્ષ વિતરણનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

વાત્રક ગઢગામ પ્રા. શાળામાં ગૌરીવ્રત નિમિત્તે બાળાઓને સૂકા મેવાનું વિતરણ

બાયડ તાલુકાની વાત્રકગઢ ગામ પ્રા. શાળા ખાતે ગૌરીવ્રત નિમિત્તે બાલીકાઓને સૂકામેવા અને બિસ્કિટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમયે જાયન્ટસ સહેલી પ્રમુખ રૂપલબેન પટેલ, પાસ્ટ સહેલી પ્રમુખ ભારતીબેન સોની અને જાયન્ટસ પાસ્ટ પ્રમુખ ધર્મેશભાઈ સોનીએ બાળકોની સાથે હાજર રહી આનંદમયી-પ્રેમભર્યા અને ઉલ્લાસનું વાતાવરણ ઉભુ કર્યુ હતું. સાથે સાથે મહેંદી હરિફાઈ, ચિત્ર સ્પર્ધા તેમજ વૃક્ષારોપણ જેવા કાર્યક્રમ પણ રાખવામાં આવેલ હતા.

મોડાસાની લાટીવાળા કોલેજમાં ઉમાશંકર જોશી જયંતિ ઉજવાઈ

મોડાસા, તા. ૨૩

ધી મ.લા. ગાંધી ઉ.કે. મંડળ, મોડાસા સંચાલિત એમ.કે. શાહ લાટીવાળા ડી.એલ.એડ. કોલેજ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મોખરાનું સ્થાન ધરાવે છે. જ્યાં ઉમાશંકર જોષીની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. સાબરકાંઠા જિલ્લાના પનોતા પુત્ર અને જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર ઉમાશંકર જોશીની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. ડી.એલ.એડ. પ્રથમ અને દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓએ ઉમાશંકર જોશી અંગે કાર્યક્રમ કર્યો જેમાં કવિની કવિતાઓ, વાર્તાઓ અને વિવેચનનો સમાવેશ થતો હતો. આચાર્ય ડૉ. સંતોષ દેવકરે ઉમાશંકર જોશીના જીવન અને કવનની વાત કરી હતી. ભોમિયા વિના મારે કવિતાનો આસ્વાદ્ય કરાવ્યો હતો. આ પ્રસંગે મંડળના પ્રમુખ નવીનભાઈ મોદી તથા પ્રભારીમંત્રી સુભાષભાઈ શાહે શુભેચ્છાઓ પાઠવી હતી. તમામ વિદ્યાર્થીઓએ ઉમાશંકર જોશીના પુસ્તકોનું પ્રદર્શન નિહાળી પુસ્તકોનું વાંચન કર્યું હતું.

બોલુન્દ્રાની સંસ્કૃત શાળામાં ગુરૂપૂર્ણિમા દિનની ઉજવણી

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામમાં શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં અગ્નિહોત્રી શુકદેવપ્રસાદજી વ્યાસના ચરણોમાં શિશ ઝુકાવી આશીર્વાદ મેળવવા ભાવિક ભક્તો દુર-દુરથી ઉમટ્યા હતા.આ પ્રસંગે અગ્નિહોત્રી આત્રેયભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળાના ઋષિકુમારો ધ્વારા દિપદાન કરાયું હતું.બોલુન્દ્રા આશ્રમમાં દુર-દુરથી આવેલા ભાવિક ભક્તોએ દર્શન કરી મહાપ્રસાદીનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.

બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બામણામાં ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો.બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ આચાર્ય ડૉ.કલ્પનાબેન પટેલ,સ્ટાફ પરીવાર,વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં ગુરૂપુર્ણિમાના દિને ગુરૂનો મહિમા ગાવાના અવસરે શિષ્યના અજ્ઞાનનો નાશ કરનાર ગુરૂ પ્રત્યે ઋણ અદા કરવા વિશે ડૉ. ભીખાભાઈ પટેલ ધ્વારા મનનીય વક્તવ્ય રજુ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો.પ્રકાશચંદ્ર જોષીએ કર્યુ હતું.

પ્રાંતિજના તાજપુરના યુવાને અગન પછેડી ઓઢી જીવનલીલા ટુંકાવી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર ખાતે એક પરણિત યુવાને અગમ્ય કારણોસર અગન પછેડી ઓઢી લઈને જીવનલીલાનો અંત આણ્યો હતો.

પ્રાંતિજમાં જાયન્ટસ ગ્રુપ ઓફ ગોલ્ડ દ્વારા વૃક્ષારોપણ કરાયું

પ્રાંતિજ, તા. ૨૩

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ વી.એસ.રાવલ પીટીસી કોલેજ ખાતે જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ ગોલ્ડ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે જાયન્ટસગ્રુપ ઓફ પ્રાંતિજ ગોલ્ડ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વી.એસ. રાવલ પીટીસી કોલેજના કમ્પાઉન્ડમાં આયોર્વેદિક વૃક્ષો સહિત પર્યાવરણને લગતા વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું.

જેમાં શાંતિદૂત એવોર્ડસ વિજેતા રહિશભાઈ કસ્બાતી, ગીતાબેન રાવલ, જાયન્ટસ ગોલ્ડ પ્રમુખ બ્રિજેશભાઈ કોઠારી, જાયન્ટ યંગ પ્રમુખ લલિતભાઈ સોની, પીટીસી કોલેજના સંચાલક સંકેતભાઈ, જાયન્ટસ ફાઉન્ડેશન પ્રેસીડેન્ટ સમીરભાઈ શર્મા, ભરતભાઈ સોલંકી, ધવલભાઈ રાવલ તથા જાયન્ટસ મેમ્બરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કરણપુર ગામની વિધવા પરણીતાને સાસરીયાઓ દ્વારા ત્રાસની ફરિયાદ

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કરણપુર ગામની વિધવા પરણીતાને સાસરીયાઓ ધ્વારા શારીરીક અને માનસીક ત્રાસ ગુજારાતાં ચકચાર મચી જવા પામી છે.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ કરણપુર ગામના રમેશભાઈ જેમાભાઈ પગીની વિધવા પત્ની શિલ્પાબેન રમેશભાઈ પગીના પતી રમેશભાઈ પગી યુ. જી. વી. સી. એલ. વિભાગ,ભિલોડામાં હેલ્પર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન વીજ લાઈનના રીપેરીંગ કામકાજ દરમ્યાન વીજ કરંટ લાગતા આકસ્મીક રીતે કરૂણ મોત નિપજ્યું હતું.શિલ્પાબેનના ખાતામાં પતી રમેશભાઈના વિમાના રૂપિયા આવતા લાલજીભાઈ જેમાભાઈ પગી,દિયર,જેમાભાઈ સરદારભાઈ પગી,સસરાએ વિધવા પુત્રવધુ સાથે છેતરપીંડી કરી રૂપિયા શિલ્પાબેનના ખાતામાંથી ઉપાડી લીધા હતા.શિલ્પાબેન પગીના સસરા અને દિયર અવાર-નવાર વિધવા પરણીતાને શારીરીક અને માનસીક ત્રાસ છેલ્લા છ મહિનાથી ગુજારી પરણીતાને ઘરમાંથી પહેરેલા કપડે કાઢી મુકતા પરણીતાએ પીયરની વાટ પકડાવી હતી.શિલ્પાબેન રમેશભાઈ પગીએ કરણપુર ગામના લાલજીભાઈ જેમાભાઈ પગી દિયર,જેમાભાઈ સરદારભાઈ પગી સસરા ધ્વારા શારીરીક અને માનસીક ત્રાસ ગુજારવા સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

જેસીંગપુરની સાગડીયાપાડા પ્રાથમિક શાળામાં ચોરી

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના જેસીંગપુર ગામની સાગડીયાપાડા પ્રાથમીક શાળામાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા.રૂા.૧૮,૦૦૦/-ની માલમત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. સાગડીયાપાડા પ્રાથમીક શાળામાં અજાણ્યા તસ્કરોએ કોમ્પ્યુટર લેબનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી સામાન વેર-વિખેર કરી નાખ્યો હતો.(૧)એલ.જી. કંપનીનું એલ.ઈ.ડી. ટી.વી. નંગ-૧ રૂા.૧૦,૦૦૦/-(૨)સેમસંગ કંપનીનું પ્રિન્ટર-ઝેરોક્ષ-સ્કેનીંગ-વાઈ-ફાઈ મશીન રૂા.૮,૦૦૦/- કુલ મુદ્દામાલની કિંમત રૂા.૧૮,૦૦૦/-ની માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ ગયા હતા.સાગડીયાપાડા પ્રાથમીક શાળાના મુખ્ય શિક્ષક પ્રવિણભાઈ કાવજીભાઈ પાંડોરએ ચોરીના બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે.